જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૩/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૫૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫ બિયર ટીન, ૦૧ કાર, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૮૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૫૭/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા નિવૃત વૃધ્ધ મહીલાએ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૩૧૯૪૧૭૩૯૦, ૯૩૫૫૧૫૧૨૪૫, ૭૪૨૮૧૨૧૭૦૯, ૯૭૭૩૮૮૫૪૬૨, ૮૫૨૭૭૬૯૨૩૬, ૭૪૦૯૫૮૬૯૨૪, ૭૫૦૦૫૬૩૯૮૮ ના ધારકોએ ભેગા મળી નિવૃત વૃધ્ધ મહીલાને ફોન કરી એન.પી.સી.આઈ. ના સીનીયર ઓફીસર, આઈ.ટી.ઓફીસર , ફંડ ટ્રાન્સફર ઓફીસર, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાની મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ જેવા હોદ્દા ધરાવતા વ્યક્તિ વાત કરતા હોવાની ઓળખ આપી નિવૃત વૃધ્ધ મહીલાના એલ.આઈ.સી.ના રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– ગવર્મેન્ટ ડીપાર્ટમેન્ટમાં જમા હોવાનું જણાવી જે નાણાં પરત મેળવવા માટે જુદા–જુદા ટેક્સ, સ્ટેમ્પ ડ્યુટી, ફી વગેરેના બહાને ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી અલગ–અલગ ટ્રાન્ઝેક્શન કરાવી કુલ રૂપિયા ૪૭,૩૫,૮૭૪/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એચ.ભેટારીયા ચલાવે છે.

નવજાત મૃત ભૃણ મળી આવવા બાબતઃ – **સમાચાર યાદી નં.૩૫૮/૨૦૨૬**

ઘાટલોડીયાઃ તા.૧૦/૦૩/૨૦૨૬ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે મેમનગર ગામ અર્બન હેલ્થ સેન્ટરની બહારના ભાગે અંધકન્યા છાત્રાલયની દિવાલ પાસે કચરાની પેટીઓ નજીકથી નવજાત મૃત ભૃણ મળી આવતા ઘાટલોડીયા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૩૫૯/૨૦૨૬**

કારંજઃ આશીમા ડો/ઓ મોઈનભાઈ મંસુરી (ઉ.વ.૨૪) (રહે. હંસરાજ પ્રાગજી હોલ લાઈન પાનકોરનાકા) એ બિમારીથી કંટાળી તા.૦૯/૦૩/૨૦૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એસ.વી.પી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી કે.જી.જલવાણી ચલાવે છે.

સેટેલાઇટઃ સુરસિંહ અમરસિંહ ચાવડા (ઉ.વ.૭૩) (રહે. અતરી સોસાયટી વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૦૨૬ બપોરના ૦૩/૨૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ રામદેવનગર ચાર રસ્તા રેવતી ટાવર ખાતે રહેતા પોતાના ભાણેજના ઘરે ઉપરના માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી. રણવીરસિંગ મેઘાભાઇ ચલાવે છે.

નરોડાઃ હરશનભાઈ ખેમજી ડાભી (ઉ.વ.૩૨) (રહે. સુમતીનાથ સોસાયટી નોબલ સ્કૂલ પાછળ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૦૨૬ બપોરના ૧૨/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમા પ્લાસ્ટીકની પટ્ટી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી